**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond Reno Agrigenetics Private Limited (RENO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** RENO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. RENO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at RENO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to RENO. Terms may only be changed in writing by RENO's authorized representative.

**PRODUCED BY: RENO AGRIGENETICS PVT. LTD.,**
102,Akik Complex, S.G. Highway, Bodakdev, Ahmedabad-380015,Gujarat. GST No.24AAECR6292A1ZL Phone: +91-98257 51649.Website:https://www.renoagrigenetics.com/home

# ઘઉની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

**(૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :**

| અ.નં. | વાવણી સમય | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | **સમયસર ની વાવણી** | | | |
| ૧ | **૧. પિયત ટુકડી ઘઉ (એસ્ટીવમ)** (૧૫-૨૫ નવેમ્બર) | જી.ડબલ્યુ-૫૪૭, જી.ડબલ્યુ-૫૧૩, જી.ડબલ્યુ-૪૫૧, જી.ડબલ્યુ-૪૯૬, જી.ડબલ્યુ-૨૭૩, જી.ડબલ્યુ-૩૨૨, જી.ડબલ્યુ-૩૬૬, રીનો રતન, રીનો રાજન. | ૧૨૦ કિ.ગ્રા./હેક્ટર | ૨૨.૫ સે.મી. બે ચાસ વચ્ચે |
| | **૨.પિયત કાઠિયા ઘઉ (ડ્યુરમ)** (૧૫-૨૫ નવેમ્બર) | જી.ડબલ્યુ-૧૨૫૫ અને જી.ડબલ્યુ-૧૩૩૯ | ૧૫૦ કિ.ગ્રા./હેક્ટર | ૨૨.૫ સે.મી. બે ચાસ વચ્ચે |
| ૨ | **મોડી વાવણી** (૨૬ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર) | જી.ડબલ્યુ-૪૯૯, જી.ડબલ્યુ-૧૭૩, જી.ડબલ્યુ-૧૧ | ૧૫૦ કિ.ગ્રા./હેક્ટર | ૧૮ સે.મી. બે ચાસ વચ્ચે |

**(૨) બીજની માવજત :**

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| | | **ઉધઈ નિયંત્રણ** | |
| ૧ | બાયફેન્થ્રીન ૧૦ ઈ.સી. | ૨૦૦ મિલી. | ૧૦૦ કિલો બીજ ૫ લિટર પાણીમાં મિશ્ર કરી પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | ફિપ્રોનીલ ૫ એસ.સી. | ૬૦૦ મિલી. | |
| | | **જૈવિક ખાતર** | |
| ૨ | એજેટોબેક્ટર અને ફોસ્ફેટ કલ્ચર | દરેકના ૩૦ ગ્રામ/કિલો બીજ અથવા પ્રવાહી કલ્ચર માટે ૫ મિલી/કિલો બીજ | વાવણીના ૨ કલાક પહેલા આપવો જેથી નાઇટ્રોજનનો ૨૫% અને ફોસ્ફરસનો ૫૦% બચાવ કરી સકાય છે. |

**(૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :**

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | **૧-સમયસર વાવણી પિયત ટુકડી ઘઉ (એસ્ટીવમ)** પાયામાં (ના:ફો:પો) પૂર્તિ (ના.) | (૧૨૦:૬૦:૦૦)<br>(૬૦:૬૦:૦૦)<br>(૬૦:૦૦:૦૦) | વાવણી સમયે<br>પ્રથમ પિયત વખતે,જમીન ની પ્રત મુજબ<br>ભારે જમીનમાં પિયત પેહલા / હલકી જમીનમાં પિયત પછી |
| | **૨-પિયત કાઠિયા ઘઉ (ડ્યુરમ)** પાયામાં (ના:ફો:પો) પૂર્તિ (ના.) | (૧૨૦:૬૦:૦૦)<br>(૬૦:૬૦:૦૦)<br>(૬૦:૦૦:૦૦) | વાવણી સમયે<br><br>પ્રથમ ગાંઠ અવસ્થાએ (૩૫ દિવસે) |
| | **૩-મોડી વાવણી** પાયામાં (ના:ફો:પો) પૂર્તિ (ના.) | (૮૦:૪૦:૦૦)<br>(૦૦:૪૦:૦૦)<br>૪૦<br>૪૦ | વાવણી સમયે<br><br>મુકુટમૂળ અવસ્થાએ (૧૮-૨૧ દિવસે)<br>પ્રથમ ગાંઠ અવસ્થાએ (૩૫ દિવસે) |
| ૩ | જીપ્સમ | ૧ ટન | ભાસ્મિક જમીનમાં ચોમાસા પહેલા |
| ૪ | ઝીંક સલ્ફેટ | ૮ કિગ્રા | ઝીંકની ઉનપવાળી જમીન માં દર વર્ષે |
| ૫ | ફેરસ સલ્ફેટ | ૧૫ કિગ્રા | ફેરસની ઉણપવાળી જમીન માં દર વર્ષે |

**નોંધ: જથ્થો જમીન ચકાસણી અહેવાલ મુજબ આપવો હિતાવહ છે.**

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન ૩૦% ઈ.સી. | ૧ કિગ્રા સક્રિય તત્વ/હે ૬૦૦ લિટર પાણીમાં | પ્રી ઈમરજન્સ (વાવણી બાદ અને ઘઉ ઊગે તે પહેલા છાંટવી) |
| ૨ | પેન્ડીમિથાલીન ૩૮.૭% સી.એસ. | ૦.૭૫૦ કિગ્રા સક્રિય તત્વ/હે ૬૦૦ લિટર પાણીમાં | પ્રી ઈમરજન્સ (વાવણી બાદ પિયત આપ્યા પહેલા કોરામાં છાંટવી) |
| ૩ | ૨,૪-ડી ૮૦% ડબલ્યુ પી (સોડિયમ સોલ્ટ) | ૪૦૦ ગ્રામ સક્રિય તત્વ/હે ૬૦૦ લિટર પાણીમાં | પોસ્ટ ઈમરજન્સ (વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે પિયત આપ્યા બાદ છાંટવી) |
| ૪ | મેટસલ્ફ્યૂરોન મિથાઈલ ૨૦% ડબલ્યુ પી | ૪ ગ્રામ દવા સક્રિય તત્વ/હે ૪૦૦ લિટર પાણીમાં | પોસ્ટ ઈમરજન્સ (વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે પિયત આપ્યા બાદ છાંટવી) |

| | | | |
|---|---|---|---|
| ૫ | સલ્ફોસલ્ફ્યુરોન ૭૫% ડબ્લ્યુ જી (ગુલ્લી દંડા નીંદણના અસરકારક નિયંત્રણ માટે) | કોરાટે વાવણીમાં ૧૫ ગ્રામ સક્રિય તત્વ/હે જ્યારે વરાપે વાવણીમાં ૨૫ ગ્રામ સક્રિય તત્વ/હે ૨૫૦ લી. પાણીમાં | પોસ્ટ ઈમરજન્સ (વાવણી બાદ ૩૫ દિવસે છાંટવી) |
| ૬ | ક્લોડીનાફોપ પ્રોપગ્રીલ ૧૫% ડબલ્યુ પી + મેટસલ્ફ્યુરોન મીથાઈલ ૨૦% ડબલ્યુ પી | ૬૪ ગ્રામ સક્રિય તત્વ/હે ૫૦૦ લિટર પાણીમાં | પોસ્ટ ઈમરજન્સ (વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે પિયત આપ્યા બાદ છાંટવી) |

**નોંધ: ઉપરોક્ત દવાઓ પૈકી કોઇ પણ એક પ્રી ઈમરજન્સ અથવા પોસ્ટ ઈમરજન્સ દવાનો છંટકાવ કરવો.**

**(૫) પિયત :**

ઘઉના પાકની પાણીની જરૂરિયાત ઘઉની જાત, જમીનના પ્રકાર અને હવામાન ઉપર આધાર રાખે છે. જેને ધ્યાને લેતા ઘઉના પાકને તેની કટોકટી અવસ્થાએ પાણી ની ખેંચ ન પડે તેની કાળજી રાખવી ખુબજ અનિવાર્ય છે.

**કટોકટીની અવસ્થાઓ :**

| | | |
|---|---|---|
| ૧ | મુકુટમૂળ અવસ્થા | (વાવણી બાદ ૧૮ થી ૨૧ દિવસ) |
| ૨ | ફૂટ અવસ્થા | (૩૫ થી ૪૦ દિવસ) |
| ૩ | ગાભે આવવાની અવસ્થા | (૫૦ થી ૫૫ દિવસ) |
| ૪ | ફૂલ અવસ્થા | (૬૫ થી ૭૦ દિવસ) |
| ૫ | દુધિયા દાણા અવસ્થા | (૭૫ થી ૮૦ દિવસ) |
| ૬ | પોંક અવસ્થા | (૯૦ થી ૯૫ દિવસ) |

ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઇ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે. દાણામાં પોટિયાપણું (સફેદ દાગ) નું પ્રમાણ ઘટાડવા અને ચળકાટ વધારવા માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપી દેવું. ત્યાર બાદ પિયત આપવું નહીં.

**ફુવારા પિયત પદ્ધતિ :**

ફુવારાથી પિયત આપવા ફુવારા સેટ ૧૨ મીટર ગ્રીડ લઈને ગોઠવી ફેબ્રુઆરી માસ સુધી ૧૫ દિવસ અને માર્ચ માસ દરમિયાન ૧૦ દિવસ ના ગાળે ૨ કલાક ૩૦ મિનિટ ફુવારા ચલાવવા જેના લીધે ૩૧ ટકા પાણી ના બચાવ સાથે ઉત્પાદન માં ૧૮ ટકાનો વધારો થાય છે.

**સૂક્ષ્મ પિયત પદ્ધતિ :**

ઘઉના પાકને ટપક પિયત પદ્ધતિથી પિયત આપી સકાય. ટપક પિયત પદ્ધતિ ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઘઉના પાકમાં મુકુતમૂળ અવસ્થા (૧૮ થી ૨૧ દિવસ) પછી ૪૦ સે.મી. ના અંતરે પ્રશાખા ગોઠવી પ્રશાખા ઉપર ૪૦ સે.મી. ના અંતરે ૪ લિટર પ્રતિ કલાક પ્રવાહ દરના ટપકણિયા ગોઠવવા. પિયત માટે આ પદ્ધતિને ૦.૮ ટકા સંચયી બાષ્પીભવન ગુણાંકે ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં ૩૬ મિનિટ અને ફેબ્રુઆરી માસમાં ૪૬ મિનિટ સુધી દર ત્રણ દિવસે ચલાવવાથી ઘઉનું વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી ૩૧ ટકા પાણીનો બચાવ કરી સકાય છે.

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ :** | |
| ૧-ગેરુ | પ્રોપીકોનાજોલ ૨૫ ઇસી અથવા ટેબૂકોનાજોલ ૨૫ ઇસી દવાનો ૧૦ મિલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| ૨-પાન નો સુકારો | રોગ દેખાયે પાણીમાં ૭૫ ટકા દ્રાવ્ય મેન્કોજેબ પાવડર (૨૫ ગ્રામ દવા/૧૦ લિટર પાણી) ૧૫ દિવસ ના ગાળે ત્રણ છંટકાવ કરવા. |
| ૩-દાણા પર કાળી ટપકી | કાર્બેન્ડાજીમ (૨૫૦ ગ્રામ દવા) અથવા કાર્બોક્સીન (૨૦૦ ગ્રામ દવા) પ્રતિ ૧૦૦ કિલો બીજ દીઠ પટ આપી વાવેતર કરવું જોઈએ અથવા મેન્કોજેબ ૭૫ ટકા ૨૫ ગ્રામ દવા/૧૦ લિટર પાણી માં ઓગાળી પોંક અવસ્થાએ છંટકાવ કરવો. |
| **જીવાત :** | |
| ૧-ઉધઇ | ફિપ્રોનીલ ૫ એસ.સી. ૬૦૦ મિલી દવા ૫ લિટર પાણીમાં મિશ્ર કરી ૧૦૦ કિ.ગ્રા. બિયારણ પ્રમાણે વાવણીના આગળના દિવસે પટ આપવો.**ઊભા પાક માં માવજત :** એક હેક્ટરે ફિપ્રોનીલ ૫ એસ.સી. ૧.૬ લિટર દવા ૫ લિટર પાણીમાં મિશ્ર કરી ૧૦૦ કિ.ગ્રા. રેતી સાથે ભેળવી-પુંખીને હળવું પિયત આપવું. |
| ૨-લીલી ઇયળ | દુધિયા દાણા અવસ્થાએ ક્વીનાલફોસ ૨૫ ઇ.સી. ૨૦ મિલી દવા / ૧૦ લિટર પાણી માં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| ૩-ગાભમારા ની ઇયળ | ક્વિનાલફોસ ૨૫ ઇ.સી. ૨૦ મિલી દવા ૧૦ લિટર પાણીમાં મેળવી વાવણી પછી આશરે ૪૫ અને ૫૫ દિવસે ૨ છંટકાવ કરવા. |
| ૪-મોલો | લીંબોળીની મીંજમાંથી બનાવેલ અર્ક ૨૦ મિલી અથવા લીંબોળીના તેલયુક્ત દવા ૩૦ મિલી અથવા થાયોમીથોક્જામ ૨૫ ડબ્લ્યુજી ૪ ગ્રામ અથવા ઇમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૪ મિલી દવા ૧૦ લિટર પાણી માં ઓગાળી છંટકાવ કરવાથી નિયંત્રણ થઇ સકે છે. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

ઘઉ ની સમયસર કાપણી કરી થ્રેસીંગ કર્યા પછી દાણાને ૨-૩ દિવસ સુર્યપ્રકાશમાં રાખી ઠંડા પાડી સંગ્રહ કરવો. દાણામાં ૧૦ ટકાથી ઓછો ભેજ રહે ત્યાં સુધી સૂર્યના તાપમાં સુકાવવા. ઘરગથ્થુ ઉપયોગ માટે ૧૦૦ કિ.ગ્રા. દાણાને ૫૦૦ મિલી દેવેલથી મોઇને અથવા ૨ કિ.ગ્રા. છાયામાં સુકવેલ લીમડાના સૂકા પાન સાથે મિશ્રણ કરી ગેલ્વેનાઈજ પીપમાં સંગ્રહ કરવો. બિયારણને લાંબા ગાળા સુધી સાચવવા માટે મોટા કોઠારમાં એલ્યુમિનિયમ ફોસ્ફાઇડથી ધ્રુમીકરણ કરી સંગ્રહ કરવો.

RENO®
SEEDS